સાવલીને મળી મોટી ભેટ: ₹૬.૭૭ કરોડના ખર્ચે નવનિર્મિત એસટી વર્કશોપનું રાજ્યમંત્રી કમલેશ પટેલના હસ્તે લોકાર્પણ

● સાવલી, તા.૧૩

સાવલી ખાતે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના નવ નિર્મિત ૬.૭૭ કરોડ ના ખર્ચે નવીન એસટી વર્કશોપનું લોકાર્પણ રાજ્યમંત્રી કમલેશ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા નવનિર્મિત એસટી ડેપો તથા વર્કશોપનું લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આ લોકાર્પણ રાજ્યમંત્રી કમલેશ પટેલના વરદ હસ્તે સ્થાનિક ધારાસભ્ય સહિતની ઉપસ્થિતતી માં કરવામાં આવ્યું હતું.

સાવલી તાલુકામાં માં ૨૦ વર્ષ અગાઉ એસ ટી ડેપો કાર્યરત હતો આ ડેપો વહીવટી સૂઝ અને અનિયમિત બસો ના કારણે ડેપો બંધ થઈ જવા પામ્યો હતો અને સાવલી ડેપોનું સંચાલન પાણીગેટ ડેપો અને વાઘોડિયા ડેપો ખાતે થી થતું હતું જેના પગલે તાલુકાની પ્રજાને એસટી બસો અને રૂટો માટે અન્ય ડેપોની મહેરબાની પર નિર્ભર રહેવાનો વારો આવ્યો હતો જ્યારે કરોડો ના ખર્ચે બનેલ ડેપો જર્જરિત અને ઝાડી ઝાંખરા તેમજ અસમાજિક તત્વો નો અડ્ડો બની ગયો હતો જેના પગલે સ્થાનિક ધારાસભ્ય કેતન ઈનામદારે તાલુકાની પ્રજાની મુશ્કેલી ની સરકારમા ભારે અસરકારક રીતે રજુઆત કરી હતી અને તેના પગલે ૬૭૭.૪૪ લાખ ની માતબર રકમ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી હતી અને આ આધુનિક સગવડો સાથેના નવનિર્મિત એસટી વર્કશોપ નું નિર્માણ કરવામાં આવ્યું હતું જેનું આજરોજ લોકર્પણ રાજ્યકક્ષાના મંત્રી કમલેશ પટેલ ના વરદહસ્તે ધારાસભ્ય કેતન ઈનામદાર સહિત ના ભાજપના હોદેદારો ની ઉપસ્થિતી માં કરાયું હતુ આ પ્રસંગે અંબાજી થી સાવલી માટે ના નવીન રૂટ ની નવી બસ ને લીલી ઝંડી આપી ફલેગ માર્ચ કરાઈ હતુ આ લોકાર્પણ કાર્યક્રમમાં મામલતદાર, એસડીએમ જીલા પંચાયત પ્રમુખ તાલુકા પંચાયત પ્રમુખ એસટી વિભાગના અધિકારીઓ કર્મચારીઓ સહિત સાવલી નગર તાલુકાના હોદ્દેદારો કાર્યકરો આગેવાનો તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે, નવો એસટી ડેપો અને વર્કશોપ શરૂ થતા ગ્રામ્ય વિસ્તારોને પરિવહન સુવિધામાં નોંધપાત્ર લાભ મળશે. બસોની નિયમિત જાળવણી, સમયસર સેવા અને મુસાફરોને વધુ સુવિધાઓ ઉપલબ્ધ થશે, જેથી ગ્રામ્ય લોકોની મુસાફરી વધુ સરળ બનશે.

ગ્રામ્ય વિકાસ માટે પરિવહન સુવિધા મહત્વપૂર્ણ હોવા સાથે આ ડેપો ગ્રામજનો માટે સુવિધા અને વિકાસનો નવો દ્વાર ખોલશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનમાં ધારાસભ્ય કેતન ઈનામદારે રાજ્ય સરકાર અને પરિવહન મંત્રી નો આભાર વ્યક્ત કર્યો હતો અને આ વર્કશોપ થકી તાલુકાની જનતા નુ ટ્રાન્સપોર્ટેશન અને સમયસર પહોચવામાં ઘણું મદદરૂપ થશે તેવી આશા વ્યક્ત કરી ને સાવલી ને વધુ નવીન એસટી બસો અને વધુ રૂટોની ફાળવણી રાજ્ય પરિવહન મંત્રી તરફથી ફાળવવામાં આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો

શતાબ્દી શિક્ષા મહોત્સવ' ની ભવ્ય ઉજવણી કરાઇ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નવીન સ્કૂલ બોર્ડ ભવન અને ૧૫ સ્માર્ટ અનુપમ શાળાઓનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

● અમદાવાદ,તા.૧૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સ્કૂલ બોર્ડના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'શતાબ્દી શિક્ષા મહોત્સવ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવરંગપુરા ખાતે ૧૦.૬૧ કરોડના ખર્ચે નવનિર્મિત 'સ્કૂલ બોર્ડ ભવન'નું લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત મુખ્યમંત્રીના હસ્તે ૧૬.૧૧ કરોડના ખર્ચે તૈયાર થયેલી ૧૫ સ્માર્ટ અનુપમ શાળાઓનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. શિક્ષણ સમિતિના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે સન્માનિત કરવામાં આવનાર ૧૦૦ શ્રેષ્ઠ શાળાઓ અને ૧૦૦ શિક્ષકો પૈકી પ્રતિકાત્મક રીતે ૬ શ્રેષ્ઠ શતાબ્દી અનુપમ શાળાઓને ચેક અને એવોર્ડ તથા ૬ શ્રેષ્ઠ શિક્ષકોને ચેક, શિલ્ડ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રિવાબા જાડેજા પણ ઉપસ્થિત રહ્યા હતા.

'શતાબ્દી શિક્ષા મહોત્સવ'માં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલે ૧૦૦ વર્ષ પહેલાં જે નૈતિક મૂલ્યો અને આત્મનિર્ભરતાના પાયા પર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્થાપના કરી હતી, તે આજે ૪૫૩ શાળાઓ સાથે વટવૃક્ષ બની છે. શિક્ષણથી રાષ્ટ્રનિર્માણના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મંત્રને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મૂલ્યનિષ્ઠ શિક્ષણ થકી સાકાર કરી રહી છે. તેમણે અમદાવાદ સ્કૂલ બોર્ડ સાથે વાઈસ ચેરમેન તરીકેના પોતાના કાર્યકાળના સંસ્મરણો વાગોળ્યા હતા. તેમણે કહ્યું કે, આજે સરકારી શાળાઓ વિશેની જૂની માન્યતાઓ બદલાઈ છે અને ખાનગી શાળાઓ છોડીને ૫૬ હજારથી વધુ વિદ્યાર્થીઓએ સ્કૂલ બોર્ડની સ્માર્ટ શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે અને ડ્રોપ ડેટ રેટ શૂન્યની નજીક લઈ જવામાં આપણને સફળતા મળી છે . હવેનો સમય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (છેં) અને ફ્યુચરિસ્ટિક શિક્ષણનો છે. વડાપ્રધાને આ સમયને એસ્પિરેશનલ ઈન્ડિયા તરીકે ઓળખાવ્યો છે . ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે આપણે જ્ઞાન, સંસ્કાર અને ટેકનોલોજીના સમન્વય સાથે આગળ વધવાનું છે.

'શતાબ્દી શિક્ષા મહોત્સવ' કાર્યક્રમમાં રાજ્યના શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, શતાબ્દી શિક્ષણ મહોત્સવ એ માત્ર એક ઉત્સવ નથી, પરંતુ ગુજરાતની સંસ્કારિતા અને બૌદ્ધિક વિકાસનું જીવંત પ્રમાણ છે. આજે શાળાઓ સ્માર્ટ ક્લાસરૂમથી સજ્જ બની છે. જ્યારે બાળક ડિજિટલ સ્ક્રીન પર ભૌગોલિક ઘટનાઓ અને વૈજ્ઞાનિક પ્રયોગો નિહાળે છે ત્યારે તેનો આત્મવિશ્વાસ સાચી સફળતામાં પરિણમે છે. આ પ્રસંગે યુ. એન. મેહતા ફાઉન્ડેશન અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે સરખેજ ગાંધીનગર હાઈવેના બ્યુટીફિકેશન અર્થે એમઓયુ એક્સચેન્જ કરવામાં આવ્યા હતા.

લિંકન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડનો નેટ પ્રોફિટ Q3 FY26 માટે Y-o-Y ૩૭.૭૦% વધીને રૂ. ૨૮.૬૦ કરોડ નોંધાયો, કામગીરીમાંથી આવક ૧૩.૪૯% વધીને રૂ. ૧૬૬.૩૨ કરોડ

● અમદાવાદ (ગુજરાત), તા.૧૩

ભારતની અગ્રણી હેલ્થકેર કંપનીઓ પૈકીની એક લિંકન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે (BSE: ૫૩૧૬૩૩, NSE: LINCOLN) નાણાકીય વર્ષ ૨૦૨૬નાં ત્રીજા ત્રિમાસિક ગાળા માટે કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ રૂ. ૨૮.૬૦ કરોડ નોંધાવ્યું છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૫નાં ત્રીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૨૦.૭૭ કરોડની સરખામણીમાં ૩૭.૭૦%નો વધારો સૂચવે છે. ડિસેમ્બર ૨૦૨૫નાં અંતે પૂર્ણ થતા ત્રિમાસિક માટે કામગીરીમાંથી આવક રૂ. ૧૬૬.૩૨ કરોડ નોંધાઈ છે, જે ગત વર્ષે સમાન સમયગાળામાં રૂ. ૧૪૬.૫૫ કરોડ નોંધાઈ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૬નાં ત્રીજા ત્રિમાસિક ગાળા માટે એબિટા રૂ. ૩૮.૭૪ કરોડ નોંધાયો છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૫નાં ત્રીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૩૨.૬૩ કરોડની સરખામણીએ ૧૮.૭૩%નો વધારો સૂચવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૬નાં ત્રીજા ત્રિમાસિક ગાળા માટે પ્રતિ શેર EPS રૂ. ૧૪.૨૮ નોંધાયો છે.

૯ જાન્યુઆરીના રોજ, CRISIL રેટિંગ્સે લિંકન ફાર્માસ્યુટિકલ્સની બેંક સુવિધાઓ પર તેના 'CRISIL A/Stable/CRISIL A1' રેટિંગને રીઅફર્મેશન આપ્યું છે, જે વર્કિંગ-કેપિટલ ઈન્ટેન્સિટી અને રેગ્યુલેટરી અને કમ્પિટીટિવ પડકારો હોવા છતાં, પ્રમોટરોના મજબૂત અનુભવ, એસ્ટાબ્લિશ્ડ માર્કેટ પોઝિશન અને હેલ્ધી ફાઈનાન્સિયલ પ્રોફાઈલને પ્રતિબિંબિત કરે છે.

કંપની આગામી ત્રણ વર્ષમાં રૂ. ૧,૦૦૦ કરોડની આવકનું લક્ષ્ય ધરાવે છે, જે હાઈ-વેલ્યુ પ્રોડક્ટ લાઈનમાં બિઝનેસ એક્સપાન્શન અને નવા માર્કેટ્સમાં પ્રવેશ દ્વારા પ્રેરિત છે. આ ધ્યેય ૧૫-૧૮% વાર્ષિક ગ્રોથ રેટ હાંસલ કરવાની વ્યાપક સ્ટ્રેટેજીનો એક ભાગ છે, જે કાર્ડિયાક, ડાયાબિટીસ, ડર્મેટોલોજી અને ઈએનટી સેગમેન્ટમાં મજબૂત પ્રદર્શન દ્વારા પ્રેરિત છે. કંપની વિવિધ હેલ્થકેર જરૂરિયાતોને પૂર્ણ કરવાની સાથે જ તેની ગ્લોબલ ફૂટપ્રિન્ટનો વિસ્તાર કરવા માટે પણ પ્રતિબદ્ધ છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫નાં રોજ કંપનીમાં ફોરેન ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ(FII) નું હોલ્ડિંગ ૪.૭૦% હતું.

અમદાવાદમાં ચાની કિટલી પર નહીં બેસવાનું કહેતા ત્રણ શખસોએ ફાયરિંગ કર્યું

ફતેવાડી પોલીસચોકીથી માત્ર ૫૦૦ મીટર જ દૂર બે રાઉન્ડ ફાયરિંગ, એકને ઈજા

● અમદાવાદ, તા.૧૩

અમદાવાદના ફતેવાડી કેનાલ રોડ પર ગુરુવારે મોડીરાતે ટી સ્ટોલ પર બાઈક પર આવેલા ત્રણ શખ્સોએ બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હોવાનું જણાયું છે. નવાઈની બાબત એ છે કે ફાયરિંગની ઘટના ફતેવાડી પોલીસચોકીથી માત્ર ૫૦૦ મીટરના અંતરે જ બની છે. વેજલપુર પોલીસે આ બાબતે ગુનો દાખલ કરીને આરોપીઓને પકડવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગુરુવારે રાત્રે દોઢ વાગ્યા આસપાસ અરબાઝ અને તેના બે મિત્રો ફતેવાડી કેનાલ રોડ પર આવેલા દિવાન ટી સ્ટોલ પર આવ્યા હતા. ફૈઝાન ક્યાં છે તેવું પૂછીને ગાળો બોલવા લાગ્યા હતા અને એક શખસે ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગમાં એક ગોળી ફરિયાદી મુદસર અહેમદખાન પઠાણને જમણા પગે વાગતા ઈજાગ્રસ્ત થયો હતો. જ્યારે બીજી ગોળી ચાની કિટલી પર ચલાવી હતી. અન્ય બે યુવકોના હાથમાં છરી હોવાનું મુદસરે પોલીસને જણાવ્યું હતું. આ ઘટના બાદ અરબાઝ તેના બે મિત્રો સાથેથી નાસી છૂટ્યો હતો.

આ બાબતે ફૈઝાન દીવાનના ભાઈ સોહિલ દીવાને જણાવ્યું હતું કે ઈજાગ્રસ્ત મુદસરભાઈ મારા ભાઈ ફૈઝાનના મિત્ર છે અને તેઓ મારા ભાઈ ઉપર હુમલો કરવા માટે આવ્યા હતા, પરંતુ મુદસરભાઈ વચ્ચે આવતાં તેમને પગના ભાગે ગોળી વાગી છે. અરબાઝ તથા તેની સાથે આવેલા શખસો આ વિસ્તારમાં ગાંજાનું વેચાણ સહિત ગેરકાયદે પ્રવૃતિ કરે છે જેથી ફૈઝાને અગાઉ તેમને કિટલી પર નહીં આવવા ટોક્યા હોવાથી બોલાચાલી થઈ હતી. આ બાબતને લઈને ફૈઝાનને મારવાના ઈરાદે ફાયરિંગ કરાયું હોવાની હકીકત સોહિલે જણાવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કાઉન્સિલના વાઈસ ચેરમેન – નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતી

મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક ગાંધીનગરમાં સંપન્ન

● અમદાવાદ,તા.૧૩

ગાંધીનગરમાં આજે મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી જેમાં નાયબ મુખ્યમંત્રી અને કાઉન્સિલના વાઈસ ચેરમેન હર્ષ સંઘવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહત્વનું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગવા વિઝન અને પ્રેરણાથી સાબરમતી આશ્રમનું અદ્યતનીકરણ અને નવીનીકરણ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં સાબરમતી આશ્રમના હાથ ધરાઈ રહેલા વિવિધ કામોની પ્રગતિની સમીક્ષા ગવર્નિંગ કાઉન્સિલની આ બેઠકમાં કરવામાં આવી હતી. એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ચેરમેન આઈ.પી ગૌતમે વિસ્તૃત પ્રેઝન્ટેશન દ્વારા આ કામગીરીની સર્વગ્રાહી પ્રગતિનો ચિતાર આપ્યો હતો.

આઈ.પી ગૌતમે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ અંતર્ગત ૨૮ જેટલા મકાનોના રિસ્ટોરેશનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તેમાંથી ૨૨નું કામ પૂર્ણ થઈ ગયું છે અને સમગ્ર રિસ્ટોરેશન કામગીરી માર્ચ-૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. સાબરમતી આશ્રમના આ નવીનીકરણમાં ગ્રીન ગ્રોથને અગ્રતા આપવા અત્યારસુધીમાં ૯૮ હજાર જેટલા નાના-મોટા ઝાડ-છોડનું પ્લાન્ટેશન થઈ ગયું છે અને માર્ચ-૨૬ સુધીમાં વધુ ૧૬ હજાર પ્લાન્ટેશનની કાર્યવાહી થઈ રહી છે .

આ બેઠકમાં શ્રમદાનના પૂજ્ય બાપુના વિચારને આશ્રમની પ્રવૃતિઓ સાથે જોડીને આશ્રમની મુલાકાતે આવનારા મુલાકાતીઓ ખાસ કરીને યુવાઓ વિવિધ સેવા પ્રવૃત્તિઓમાં કઈ રીતે સહભાગી થઈ શકે તે દિશામાં પણ વિસ્તૃત ચર્ચા – પરામર્શ થયા હતા. એટલું જ નહીં, ગવર્નિંગ કાઉન્સિલની અગાઉની બેઠકના એજન્ડાને બહાલી આપવામાં આવી હતી.

આ અવસરે મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટની ગવર્નિંગ કાઉન્સિલના સભ્યો સાંસદ નરહરી અમીન, કાર્તિકેય સારાભાઈ, જયેશભાઈ પટેલ તેમજ મુખ્ય સચિવ એમ. કે. દાસ, યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના અગ્ર સચિવ રાહુલ ગુપ્તા, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડો. વિક્રાંત પાંડે, પ્રવાસન સચિવ કુલદીપ આર્ય અને મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરીયલ ટ્રસ્ટના ઓ.એસ.ડી. આઈ. કે. પટેલ પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

NDPS કેસમાં આરોપીને ૧૨ વર્ષની સખત કેદ, રૂ. બે લાખનો દંડ

● અમદાવાદ, તા.૧૩

અમદાવાદની વિશેષ દ્રઢ્ઢંજી કોર્ટે એક મહત્વપૂર્ણ ચૂકાદો સંભળાવતા નશાના કારોબાર સાથે સંકળાયેલા શખસને ૧૨ વર્ષની સખત કેદની સજા ફટકારી છે અને ૨ લાખ રૂપિયાનો દંડ પણ કર્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ચોક્કસ બાતમીને આધારે આરોપી મોહમ્મદ આરીફ સૈયદને તેના ઘરેથી નશાકારક સીરપની ૮૫ બોટલો સાથે ઝડપી લીધો હતો. તેના વિરુદ્ધ દ્રઢ્ઢંજી એક્ટ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી.

જેનો કેસ અમદાવાદ સિટી સેશન્સ કોર્ટ ખાતે આવેલી વિશેષ દ્રઢ્ઢંજી કોર્ટમાં ચાલ્યો હતો.સ્પેશિયલ જજ વિ. બિ. રાજપૂતે કેસના તમામ સાહેદો, પાસાઓ અને પુરાવાઓની ગંભીરતાપૂર્વક નોંધ લીધી હતી. સરકારી વકીલ દિલીપસિંહ એમ. ઠાકોરે આક્રમક દલીલો કરતા જણાવ્યું કે, નશાના આ દુષણને લીધે યુવાધન બરબાદ થઈ રહ્યું છે.ડ્રગ્સનું દુષણ વધી રહ્યું છે. ૧૨ સાહેદોની જુબાની અને ૨૬ જેટલા દસ્તાવેજી પુરાવાઓને ગ્રાહ્ય રાખ્યા હતા. તમામ દલીલો અને પુરાવાઓને અંતે કોર્ટે આરોપીને દોષિત ઠેરવી આકરો દંડ કરી જેલની સજા સંભળાવી છે.

પૂર્ણેશ મોદી બનશે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ, ઔપચારિક જાહેરાત સોમવારે કરાશે

● અમદાવાદ,તા.૧૩

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પદને લઈને છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે. સુરત પશ્ચિમના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદી હવે રાજ્ય વિધાનસભાના નવા ઉપાધ્યક્ષ બનવા જઈ રહ્યા છે. આજે તેમણે મંત્રી ઋષિકેશ પટેલની હાજરીમાં વિધાનસભા સચિવાલય ખાતે સત્તાવાર રીતે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું.

અહીં નોંધવું ઘટે કે, શહેરાના ધારાસભ્ય જેઠા ભરવાડે હાલમાં જ ઉપાધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું હતું. જેના કારણે આ મહત્વનો બંધારણીય હોદ્દો ખાલી પડ્યો હતો. ૧૬ ફેબ્રુઆરીએ યોજાનારી ઉપાધ્યક્ષની ચૂંટણી માટે ભાજપ હાઈકમાન્ડ દ્વારા અનેક નામો પર મંથન કરવામાં આવ્યું હતું. જેમાં અંતે પૂર્ણેશ મોદીના અનુભવ પર મહોર મારવામાં આવી છે.

પૂર્ણેશ મોદીને વહીવટી અનુભવ છે. તેઓ અગાઉ કેબિનેટ મંત્રી તરીકે માર્ગ-મકાન અને નાગરિક ઉડ્ડયન જેવા મહત્વના વિભાગો સંભાળી ચૂક્યા છે.તેઓને ગૃહનું સારું જ્ઞાન છે. વિધાનસભાની કાર્યવાહી અને નિયમો પર તેમની સારી પકડ છે, જે ઉપાધ્યક્ષ તરીકે ગૃહનું સંચાલન કરવામાં મદદરૂપ થશે. સુરત અને દક્ષિણ ગુજરાતમાં તેમનું મજબૂત સંગઠનાત્મક વર્ચસ્વ છે. સામાજિક અને પ્રાદેશિક સંતુલન જાળવવા પક્ષે આ વ્યૂહાત્મક નિર્ણય લીધો છે.

વિધાનસભાના અધ્યક્ષની ગેરહાજરીમાં ગૃહનું સંચાલન કરવું, શિસ્ત જાળવવી અને કાયદાકીય પ્રક્રિયાઓનું પાલન કરાવવું ઉપાધ્યક્ષની મુખ્ય જવાબદારી હોય છે. આગામી સત્રમાં જ્યારે અનેક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થવાની છે, ત્યારે પૂર્ણેશ મોદી જેવા અનુભવી નેતાની નિમણૂક શાસક પક્ષ માટે રાહતરૂપ બની શકે છે.

વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટી પાસે પ્રચંડ બહુમતી હોવાથી પૂર્ણેશ મોદીની જીત નિશ્ચિત છે , જેમના આગમનથી ગૃહની કાર્યવાહીમાં નવા સમીકરણો જોવા મળી શકે છે. મંત્રી ઋષિકેશ પટેલની ફોર્મ ભરતી વખતે હાજરી પક્ષની એકતા દર્શાવે છે. જો વિરોધ પક્ષ કૉંગ્રેસ કોઈ ઉમેદવાર ઊભો નહીં રાખે, તો પૂર્ણેશ મોદી બિનહરીફ ચૂંટાઈ આવશે તેવી પ્રબળ શક્યતા છે. જેથી સોમવારે માત્ર ઔપચારિક ચૂંટણી બાદ તેમના નામ પર ફાઈનલ મહોર આવશે.

જો કે, કૉંગ્રેસ તરફથી શૈલેષ પરમાર ઉમેદવારી નોંધાવે તેવી શક્યતા છે. જો કે કૉંગ્રેસનું સંખ્યાબળ જોતા તેનો ઉમેદવાર ચૂંટણી જીતે તેવી શક્યતા નહીવત્ત છે પરંતુ કૉંગ્રેસ દ્વારા પોતાના ઉમેદવાર તરીકે શૈલેષ પરમારને ઉમેદવાર બનાવવામાં આવે તે નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે.

પૂર્ણેશ મોદીના ફોર્મ ભરવા અંગે પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ પ્રતિક્રિયા આપી હતી કે, સરાહનીય કામગીરી અને વિઝન સાથે કામ કરનારા પૂર્ણેશ મોદીએ મોવડીમંડળ, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની સૂચના બાદ ફોર્મ ભર્યુ છે. તેઓ હંમેશા સૌને સાથે રાખીને વ્યવસ્થા મુજબ કામ કરતા આવ્યા છે. સાથે જ કૉંગ્રેસ પર શાબ્દિક પ્રહાર કરતા કહ્યું કે તેઓ કોઈ રાજકીય વિવાદ ઉભો કરવા માગતા નથી પરંતુ કૉંગ્રેસનો ખોટી રીતે શબ્દ પ્રયોગ કરવો બંધારણીય વ્યવસ્થા માટે યોગ્ય નથી કારણ કે વિપક્ષ પદ ન મળે તે રીતે જ કૉંગ્રેસને જનતાએ ચૂંટી છે.

પૂર્ણેશ મોદીએ ઉપાધ્યક્ષ પદ માટે ફોર્મ ભરતા સુરતમાં ઉજવણી થઈ હતી અને ભાજપના કાર્યકર્તાઓએ એકબીજાનું મોં મીઠુ કરાવીને પૂર્ણેશ મોદીએ કરેલા લોકસેવાના કાર્યોને યાદ કર્યા હતા.

ગુજરાતનું વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટનું કદ ૪.૧૫ લાખ કરોડનું રહેશે

ગૃહમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ ૧૮મી ફેબ્રુઆરીએ વિધાનસભા ગૃહમાં રાજ્ય સરકારનું બજેટ રજૂ કરશે

● અમદાવાદ,તા.૧૩

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૬મી, ફેબ્રુઆરીના સોમવારથી ૨૫મી માર્ચના બુધવાર-૨૦૨૬ સુધી ચાલશે. આ ૩૮ દિવસિય બજેટ સત્રમાં ૧૮મી, ફેબ્રુઆરીના બુધવારે નાણામંત્રી કનુભાઈ દેસાઈ સૌ પ્રથમ વર્ષ ૨૦૨૫-૨૬નું પૂરક બજેટ અને ત્યારબાદ વર્ષ ૨૦૨૬-૨૭નું ગુજરાત સરકારનું વાર્ષિક બજેટ રજૂ કરશે. ગત વર્ષે ૨૦મી, ફેબ્રઆરી-૨૦૨૫ના રોજ નાણામંત્રીએ કુલ ૩,૭૦,૨૫૦ કરોડના કુલ કદ દર્શાવતું બજેટ રજૂ કર્યુ હતું. જ્યારે આ વખતે નાણામંત્રી ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૬-૨૭ માટે અંદાજિત કુલ ૪.૧૫ લાખ કરોડનું કુલ કદ દર્શાવતું વાર્ષિક બજેટ રજૂ કરે તેવી શક્યતા છે. મહત્વનું છે કે, બજેટના આંકડા અને છેલ્લા કેટલાક વર્ષોના ટ્રેન્ડના આધારે જોઈએ તો, ગુજરાતમાં દર વર્ષે લગભગ સરેરાશ ૧૦થી ૧૫ ટકાની આસપાસ વધારો થતો રહે છે. આ સાથે વિકસિત ગુજરાત @ ૨૦૪૭ હેઠળ ગત વર્ષે જાહેર કરાયેલા રૂ. ૫૦,૦૦૦ કરોડના 'વિકસિત ગુજરાત ફંડ' હેઠળ આ વર્ષે વધુ ફાળવણી કરાશે.

ગુજરાત સરકારના બજેટમાં આ વર્ષે સૌથી વધારે મહત્વ શહેરી વિકાસ વિભાગને અપાય તેમ લાગે છે. કેમકે, વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે જાહેર કરાયું હોવાથી ૨૦૨૬-૨૭માં મેટ્રો પ્રોજેક્ટ્સ અને સ્માર્ટ સિટીઝ માટે ફાળવણી ચાલુ રહેશે. શહેરી વિકાસ વિભાગમાં સંભવિત નવી યોજનાઓમાં 'સ્માર્ટ ટ્રાફિક ક્લીયરન્સ' મિશન અન્વયે મોટા શહેરોમાં છેં-આધારિત ટ્રાફિક મેનેજમેન્ટ અને સીમલેસ મુસાફરી માટે ફ્લાયઓવર ગ્રીડ નું નિર્માણ કરાશે. આ ઉપરાંત સેટેલાઈટ ટાઉનશિપ ડેવલપમેન્ટ અન્વયે અમદાવાદ, સુરત અને રાજકોટની આસપાસ 'નવા શહેરો' (Satellite towns) વિકસાવવા માટે પાયાની સુવિધાઓની જાહેરાત કરાશે. કચરામાંથી ઊર્જા ઉત્પન્ન કરવાના પ્લાન્ટ્સ માટે નગરપાલિકાઓને વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવશે. દરેક મહાનગર પાલિકા વિસ્તારમાં 'ઓક્સિજન પાર્ક' અને મિયાવાકી પદ્ધતિથી જંગલો વિકસાવવા માટે ફંડ ફાળવાશે.

સરકારના 'GRIT' (Guja®a State Institution for Transformation) પ્રોજેક્ટ હેઠળ લાંબા ગાળાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે મોટી ફાળવણી થઈ શકે છે. એવી રીતે ગ્રીન એનર્જી અને ટેકનોલોજી ક્ષેત્રે સેમિકન્ડક્ટર પોલિસી, રિન્યુએબલ એનર્જી અને AI પાછળ ખર્ચ અને મોટી રકમની ફાળવણી નકારી શકાય તેમ નથી. આ ઉપરાંત કેન્દ્ર સરકારના તાજેતરના બજેટમાં જાહેર કરાયેલી નવી યોજનાઓને ગુજરાતમાં વિસ્તારવા માટે પણ રાજ્ય સરકારના આ બજેટમાં મસમોટી જાહેરાતો કરાશે. નવી જાહેર કરાયેલી નગરપાલિકા અને મહાનગરપાલિકાઓના આધુનિકીકરણ તથા તેમાં માળખાકીય સુવિધાઓ વિસ્તારવા માટે બજેટમાં ખાસ પેકેજ જાહેર કરાશે. એવી જ રીતે ગરીબ, યુવા, અન્નદાતા (ખેડૂત) અને નારી શક્તિ માટેની નવી યોજનાઓ અથવા વર્તમાન સહાયમાં વધારો જોવા મળી શકે છે.

ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની ઉપસ્થિતિમાં બેંગ્લોર ખાતે ૧૮૦ દેશોના લાખો શ્રદ્ધાળુઓ મહાશિવરાત્રિ ઉજવશે

આર્ટ ઓફ લિવિંગના આંકલાવાડી સ્થિત આશ્રમમાં મહાશિવરાત્રિ નિમિત્તે વૈદિક હોમ અને પૂજાનું આયોજન, બેંગ્લોર સ્થિત આંતરાષ્ટ્રીય કેન્દ્રમાં પણ ૧૮૦થી દેશો ના લાખો શ્રદ્ધાળુ ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની ઉપસ્થિતિમાં ઉજવશે મહાશિવરાત્રિ ઉત્સવ

વૈશ્વિક આધ્યાત્મિક ગુરુ અને આર્ટ ઓફ લિવિંગના સંસ્થાપક ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી શિવરાત્રિના ગહન મહત્ત્વને વ્યક્ત કરતાં કહે છે: ''શિવરાત્રિ આ ભૌતિક જગત અને તમારા અંતર્મનના સૂક્ષ્મ લોક વચ્ચેનો એક સેતુ છે. આ અંતર્મુખી યાત્રા ભારે બાહ્ય વ્યસ્તતા કે શોરમાં શક્ય નથી; આ આંતરિક જોડાણનો ક્ષણ છે, મનોરંજનનો નહીં. કેટલાક લોકો તેને માત્ર એક અનુષ્ઠાન તરીકે જુએ છે, તો કેટલાક તેને મનોરંજન માને છે; બંને સ્થિતિમાં તેઓ તેના મૂળ તત્ત્વથી વંચિત રહી જાય છે. શિવરાત્રિ ધ્યાનમય જાગૃતિનો પર્વ છે - આનંદ અને ભક્તિમાં પૂર્ણતઃ લીન થવાનો અવસર છે, સુખના પાછળ ભાગતા-ભાગતા માણસ થાકી જાય છે. જ્યારે તમે થોડો સમય તમારા આત્મસ્વરૂપમાં વિશ્રામ કરો છો, ત્યારે તમે ફરી ઊર્જાવાન બની જાઓ છો, અને એ જ ઊર્જા તમને શક્તિ, આનંદ અને પ્રસન્નતા આપે છે. વર્ષમાં કેટલીક રાત્રિઓ

ખાસ શુભ અને અનુકૂળ માનવામાં આવે છે, જે તમને આ વિશ્રામનો અવસર આપે છે. મહાશિવરાત્રી એ જ ગહન વિશ્રામની અવસ્થામાં સ્થિર થવાનો પર્વ છે.''

મહાશિવરાત્રિના આ પાવન અવસરે આર્ટ ઓફ લિવિંગના વાસદના આંકલાવાડીમાં સ્થિત ગુજરાત આશ્રમમાં વૈદિક રીતે ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણી આર્ટ ઓફ લિવિંગના સ્વામીજી કૌશિક સ્વામી (કાશીભૈયા)ની ઉપસ્થિતિમાં કરવામાં આવશે જેમાં ૧૫ ફેબ્રુઆરી ના રોજ બપોરે ૧૨:૩૦ બ્રાહ્મણ ભોજ, સાંજે ૫ વાગ્યે ગૌ પૂજા અને સાંજે ૬:૦૦ વાગ્યાથી રુદ્રપૂજા કરવામાં આવશે. આ ઉપરાંત ૧૬ ફેબ્રુઆરી વહેલી સવારે ૬:૦૦ વાગ્યે રુદ્રપૂજા અને ૭:૦૦ વાગ્યે રુદ્રહોમ કરવામાં આવશે.

ઉદય કોટક ગિફ્ટ સિટીના ચેરમેન બન્યા

● અમદાવાદ, તા.૧૩

ગિફ્ટ સિટીના ચેરમેન પદમાં રાજ્ય સરકારે મોટા ફેરફાર કર્યા છે. જેમાં બેંકિંગ ક્ષેત્રે દિગ્ગજ અને કોટક મહિન્દ્રા બેંકના સ્થાપક ઉદય સુરેશ કોટકને નવા ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા સત્તાવાર ઠરાવ મુજબ, ઉદય કોટક હવે ડૉ. હસમુખ અઢિયા (રિટાયર્ડ આઈએએસ)નું સ્થાન લેશે. ઉલ્લેખનીય છે કે ડૉ. હસમુખ અઢિયા જૂન ૨૦૨૩થી આ જવાબદારી સંભાળી રહ્યા હતા. ઉદય કોટકની આ નિમણૂક તાત્કાલિક અસરથી અમલમાં આવશે અને તેઓ આગામી આદેશ સુધી આ પદ પર કાર્યરત રહેશે. આ નિમણૂકના નિયમો અને શરતો સરકાર દ્વારા આગામી સમયમાં નક્કી કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભા સંકુલ બન્યું રાજ્યના સમૃદ્ધ કલા વારસાનો અરીસો

● અમદાવાદ, તા.૧૩

ગુજરાત વિધાનસભામાં ૧૬ ફેબરુઆરીથી બજેટ સત્ર શરૂ થઈ રહ્યુ છે ત્યારે વિધાનસભામાં આવનાર પ્રજાના પ્રતિનિધિઓ તથા અતિથિઓ અને મુલાકાતીઓને અમદાવાદી માતાની પછેડી, કચ્છી મડ મિરર વર્ક તથા આદિવાસી વારલા કલાની લોક કલાકૃતિઓ જોવા મળશે. આમ વિધાનસભા સંકુલ હવે ગુજરાતના પ્રાચીન, પરંપરાગત અને સમૃદ્ધ સાંસ્કૃતિક કલા વારસાનો અરીસો બની છે.ગુજરાત સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી' વિઝનને સાકાર કરવા માટે જ્યની પરંપરાગત કલા-કારીગરીને પ્રજાના પ્રતિબિંબ સમાન વિધાનસભા સંકુલમાં સ્થાન આપી એક નવતર પગલું ભરવામાં આવ્યું છે અને આ પગલું સમગ્ર રાજ્યની પરંપરાગત કલા સંસ્કૃતિ તથા તેની સાથે જોડાયેલા હજારો કલા-કારીગરોને તેમના કૌશલને પરંપરાગત રીતે આગળ વધારવા માટે પ્રેરણાબળ પૂરૂં પાડશે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં પરંપરાગત કલા-કારીગરીને જીવંત રાખવાનું કામ કરતાં સરકારી સાહસ 'ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ' (જીએસએચએચડીસી) લિમિટેડની બ્રાન્ડ 'ગરવી-ગુર્જરી' રાજ્ય સરકારના આવા હકારાત્મક પ્રયત્નોને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ફાળો આપી રહી છે અને તેની જ પહેલે ગુજરાતના હજારો કલા-કારીગરોનું પ્રતિનિધિત્વ કરતા કલા-કારીગરોને વિધાનસભા સંકુલ તરીકે ગૌરવમય મંચ આપ્યો છે.

આમ હવે વિધાનસભાની છબી એક શાસનનના કેન્દ્ર તરીકેની જ નહી પરંતુ પણ રાજ્યની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાનો જીવંત પ્રતિબિંબ પાડે છે. ગરવી ગુર્જરીએ વિધાનસભા સંકુલમાં રાજ્યના કલા વારસાને રજૂ કરવા માટે એક સશક્ત પ્લેટફોર્મ તરીકે કાર્ય કરીયું, રાજ્યના પ્રતિભાશાળી હાથશાળ—હસ્તકલા કારીગરોને માર્ગદર્શન, પ્રેઝન્ટેશન અને યોગ્ય તક ઉપલબ્ધ કરાવી છે.

ગુજરાત વિધાનસભા સંકુલ માટે પસંદ થયેલી મુખ્ય લોકકલાકૃતિઓમાં (૧) ગુજરાતનું પરંપરાગત મડ મિરર વર્ક (૨) છોટા ઉદેપુરની વારલી આર્ટ તથા (૩) અમદાવાદની માતાની પછેડી (પરંપરાગત કલમકારી કળા)નો સમાવેશ થાય છે. આ ત્રણેય લોકકલાકૃતિઓ આજે વિધાનસભા સંકુલના ભીંતો અને વિસ્તારોને શોભા આપી રહી છે અને રાજ્યની સાંસ્કૃતિક ઓળખને ઉજાગર કરી રહી છે.

INOX ગ્રીન એનર્જી સર્વિસીસ લિમિટેડ

CIN: L45207GJ2012PLC070279

નોંધણીઃ સર્વે નં. ૧૮૩૭ અને ૧૮૩૪ મોજે જેતલપુર, ABS ટાવર બીજો માળ, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૭, ગુજરાત ખાતે

ફોનઃ ૦૨૬૫-૬૧૯૮૧૧૧; ફેક્સઃ ૦૨૬૫-૨૩૧૦૩૧૨

ઈમેલઃ investor@inoxgreen.com; વેબસાઈટઃ www.inoxgreen.com

૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિના માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનું નિવેદન

૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિના માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો (''નાણાકીય પરિણામો'') ની સમીક્ષા ઓડિટ સમિતિ દ્વારા કરવામાં આવી છે અને કંપનીના ડિરેક્ટર બોર્ડ દ્વારા ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ યોજાયેલી તેમની સંબંધિત બેઠકમાં મંજૂર કરવામાં આવ્યા છે.

નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ્સ (**www.bseindia.com** અને **www.nseindia.com**) અને કંપનીના વેબપેજ (**https://www.inoxgreen.com/financial-results.html**) પર ઉપલબ્ધ છે અને નીચેના ક્વિક રિસ્પોન્સ કોડને સ્કેન કરીને પણ એક્સેસ કરી શકાય છે:

આઈનોક્સ ગ્રીન એનર્જી સર્વિસીસ લિમિટેડ માટે

સંપાદિત/-

મનોજ દીક્ષિત

સંપૂર્ણ સમય ડિરેક્ટર

સ્થાનઃ નોઈડા

તારીખઃ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬

લેક્ટોઝ (ઇન્ડિયા) લિમિટેડ

CIN: L15201GJ1991PLC015186

રજીસ્ટર. ઓફિસ. : સર્વે નંબર ૫, ૬ અને ૭A, ગામ પોઇચા (રાણીયા), તાલુકો સાવલી, જિલ્લો વડોદરા, ગુજરાત - ૩૯૧૭૮૦.

Website :-www.lactoseindialimited.com, Email ID: lil@lactoseindialimited.com, Telephone: 022-24117030

૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિના માટે અનઓડિટેડ નાણાકીય પરિણામોના નિવેદનના અંશો

(લાખમાં)

ક્રમ. નં.	ખાસ	ત્રમાસિક સમાપ્ત			નવ મહિના		વર્ષ સમાપ્ત
		૩૧-ડિસેમ્બર-૨૫ અનઓડિટેડ	૩૦-સપ્ટે-૨૪ અનઓડિટેડ	૩૧-ડિસેમ્બર-૨૪ અનઓડિટેડ	૩૧-ડિસેમ્બર-૨૫ અનઓડિટેડ	૩૧-ડિસેમ્બર-૨૪ અનઓડિટેડ	૩૧-માર્ચ-૨૫ (ઓડિટેડ)
૧	કામગીરીમાંથી કુલ આવક (ચોખ્ખી)	૩,૬૭૬.૭૧	૪,૧૧૮.૧૩	૨,૮૭૧.૮૬	૧૧,૭૫૨.૪૦	૮,૮૬૨.૮૫	૧૧,૬૩૯.૯૩
૨	સામાન્ય પ્રવૃત્તિઓ (કર પહેલાં, અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ) ના સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન)	૮૭.૮૦	૩૧૪.૪૪	૫૩.૪૩	૬૩૧.૧૨	૬૩૬.૯૩	૬૯૧.૭૮
૩	કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી)	૮૭.૮૦	૩૧૪.૪૪	૫૩.૪૩	૬૩૧.૧૨	૬૩૬.૯૩	૬૯૧.૭૮
૪	કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી)	૫૨.૮૪	૨૧૫.૮૮	૨૧.૮૫	૪૧૮.૫૯	૪૫૨.૦૬	૫૧૬.૨૯
૫	આ સમયગાળા માટે કુલ વ્યાપક આવક [(આ સમયગાળા માટે નફો અથવા (નુકસાન) (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી) નો સમાવેશ થાય છે]	૪૭.૮૪	૨૧૫.૮૮	૨૧.૮૫	૪૧૩.૫૯	૪૫૨.૦૬	૫૧૧.૫૫
૬	પેઇડઅપ ઇક્વિટી શેર મૂડી (પ્રતિ શેર રૂ. ૧૦/-)	૧૨૫૮.૯૦	૧૨૫૮.૯૦	૧૨૫૮.૯૦	૧૨૫૮.૯૦	૧૨૫૮.૯૦	૧૨૫૮.૯૦
૭	અનામત (પુનઃમૂલ્યાંકન અનામત સિવાય)	-		-	-	-	-
૮	પ્રતિ શેર કમાણી (પ્રતિ રૂ. ૧૦/-) (ત્રિમાસિક ગાળા માટે વાર્ષિક નહીં)						
	(a) મૂળભૂત	૦.૪૨	૧.૭૧	૦.૧૭	૩.૩૩	૩.૪૯	૩.૩૩
	(b) પાતળું	૦.૪૧	૧.૬૭	૦.૧૭	૩.૨૯	૩.૨૯	૩.૨૯

નોંધો:

૧. ઉપરોક્ત ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો અંશ છે જે સેબી (લિસ્ટિંગ અને અન્ય ડિસ્ક્લોઝર આવશ્યકતાઓ) નિયમન, ૨૦૧૫ ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઇલ કરવામાં આવ્યો છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે નાણાકીય પરિણામનું સંપૂર્ણ ફોર્મેટ www.bseindia.com અને www.lactoseindialimited.com પર ઉપલબ્ધ છે.

બોર્ડ માટે અને તેમના વતી

સંપાદન/-

મેનેજિંગ ડિરેક્ટર

અતુલ મહેશ્વરી

ડીઆઈએનઃ ૦૦૨૫૫૨૦૨

સ્થાનઃ મુંબઈ

તારીખઃ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬